# રાજ્યસભામાં ભાજપના જયશંકર અને જુગલ ઠાકોરનો વિજય



ગાંધીનગર, તા. ૫

રાજ્યસભાની બે બેઠકોની આજે યોજાયેલ ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો એસ. જયશંકર અને જુગલ ઠાકોરનો વિજય થયો છે.

૬ વાગ્યા પછી આ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. અગાઉ કોંગ્રેસના ઉમેદવાર ગૌરવ પંડ્યાએ ચૂંટણી પંચ સમક્ષ વાંધા ઉઠાવતાં આ ગણતરી વિલંબથી શરૂ થઈ હતી. ચૂંટણી પંચે કોંગ્રેસની વાંધા અરજીને ફગાવી દીધી હતી.

મળેલા અહેવાલો પ્રમાણે ભાજપના ઉમેદવાર અને વિદેશમંત્રી એસ. જયશંકરને ૧૦૪ મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસના ઉમેદવાર ગૌરવ પંડ્યાને ૭૦ મત મળ્યા હતા. ૧ મત રદ થયો હતો.

આ મત કોનો રદ થયો તેને લઈ રાજકીય વર્તુળોમાં અનેકવિધ ચર્ચાઓ ચાલી રહી છે. જોકે ભાજપે તેના ૧૦૦ સભ્યોના મત બરાબર પડ્યા હોવાનો દાવો કર્યો છે.

જે મત એસ. જયશંકરને મળેલા મતોમાં રદ થયો છે. તેમાં કૃષિમંત્રી આર.સી. ફળદુનો મત રદ થયાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

આજે મતદાનમાં એન.સી.પી.ના કાંધલ જાડેજા તેમજ બી.ટી.એસ.ના બે સભ્યોના મત ઉપરાંત કોંગ્રેસના અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાના મત મેળવવામાં ભાજપની રણનીતિ સફળ રહી હતી.

ભાજપને તેના સંખ્યાબળ કરતાં ૪ મત વધુ મળ્યા છે. કોંગ્રેસની તરફેણમાં અપક્ષ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ મતદાન કરતાં કોંગ્રેસને મળેલા મતોની સંખ્યા ૭૦ થઈ છે.

સ્મૃતિ ઈરાનીની બેઠક પર ઉમેદવારી કરનાર જુગલજી ઠાકોરને ૧૦૫ મત મળ્યા હતા જ્યારે ચંદ્રિકાબેન ચુડાસમાને ૭૦ મત મળ્યા હતા.

# અલ્પેશ અને ધવલસિંહનું કોંગ્રેસમાંથી રાજીનામુ

**રાજ્યસભાની ચૂંટણી પહેલા જ કોંગ્રેસ પાર્ટીને ફટકો પડ્યો : રાજ્યસભા માટેની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કર્યું હોવાનો દાવો કરવામાં આવ્યો કોંગ્રેસ પાર્ટીનું સંખ્યા બળ હવે ઘટીને ૬૯ થયું : કોંગ્રેસ પાર્ટીમાં ચિંતાનું મોજુ**

અમદાવાદ, તા.૫

રાજ્યસભા ચૂંટણીના મતદાન પહેલા જ આજે ગુજરાતના રાજકારણમાં જોરદાર ગરમી જામી હતી. બપોર બાદ નવા રાજકીય ડ્રામા વચ્ચે અપેક્ષા મુજબનો વળાંક આવ્યો હતો. કોંગ્રેસમાંથી ચૂંટાયેલા અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાએ રાજયસભાની ચૂંટણીમાં મતદાન દરમ્યાન કોંગ્રેસ પક્ષ દ્વારા જારી વ્હીપથી વિરૂધ્ધ જઈ ક્રોસવોટીંગ કર્યા બાદ પોતાના ધારાસભ્યપદેથી રાજીનામું ધરી દેતા રાજકીય ગરમાવો આવી ગયો હતો. આજે બન્ને ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષને રાજીનામું સોંપી દીધું હતું, જેને પગલે રાજકીય માહોલ ગરમાયો હતો. રાજયસભાની ચૂંટણીમાં આ બન્ને ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હોવાની પણ ચર્ચા ચાલી રહી છે. મતદાન કર્યા બાદ આ બન્ને ધારાસભ્યોએ વારાફરતી વિધાનસભા અધ્યક્ષને મળીને ધારાસભ્યપદેથી રાજીનામાનો પત્ર સોંપ્યો હતો. અધ્યક્ષે બંને ધારાસભ્યોના રાજીનામાનો સ્વીકાર કરી લીધો હતો. તો બીજી બાજુ કોંગ્રેસે પણ આ બન્ને ધારાસભ્યોને ક્રોસ વોટિંગ કરવા બદલ ગેરલાયક ઠેરવવા માટેની કવાયત શરૂ કરી છે. જેના ભાગરૂપે વિધાનસભામાં વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણી, કોંગ્રેસના લીગલ એડવાઈઝર બાબુ માંગુકીયા અને કોંગ્રેસના અન્ય ધારાસભ્યો વિધાનસભા અધ્યક્ષને મળવા દોડી ગયા હતા. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૭૭ બેઠકો જીતી હતી. આ પહેલા કુંવરજી બાવળિયા અને



ડો.આશા પટેલ કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાતા કોંગ્રેસની સભ્ય સંખ્યા ૭૫ પર આવી હતી. ત્યારબાદ જવાહર ચાવડા, વલ્લભ ધારવિયા, પરસોત્તમ સાબરિયાએ રાજીનામું આપતા વિધાનસભામાં કોંગ્રેસના ૭૨ ધારાસભ્ય જ રહ્યા હતા. જ્યારે તાલાલાના ભગવાન બારડને ધારાસભ્યપદેથી સસ્પેન્ડ કરવાનો કેસ કોર્ટમાં છે. એ પછી હવે આજે ધવલસિંહ ઝાલા અને અલ્પેશ ઠાકોરે ધારાસભ્યપદેથી રાજીનામા આપતા વિધાનસભામાં કોંગ્રેસનું સંખ્યાબળ ૭૭થી ઘટીને ૬૯ થયું છે. જે કોંગ્રેસ માટે બહુ ગંભીર ચિંતાનો વિષય બની રહ્યો છે. અલ્પેશે રાજીનામુ આપ્યા બાદ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, તેમના સમર્થકો કોંગ્રેસ પાર્ટીનો સાથ છોડી દેવા માટે વાત કરી રહ્યા હતા. પોતાના સમાજના હિતની બાબતને ધ્યાનમાં લઈને તેઓએ રાજીનામુ આપ્યું છે. વિકાસના કોઈ કામ આગળ વધી રહ્યા ન હતા. પાર્ટીમાં તેમના સમાજની ઉપેક્ષા થઈ રહી હતી. કોંગ્રેસ પાર્ટીના લોકો કાવતરા ઘડી રહ્યા છે હજુ પણ ઘડતા રહેશે.

# જિલ્લા પંચાયતમાં વધુ એકવાર બદલીનો ગંજીફો ચીપાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે વધુ એક વખત બદલીનો ગંજીફો ચીપવામાં આવ્યો છે. આજે એક કચેરી અધિક્ષક ઉપરાંત ૪ સિનીયર ક્લાર્ક અને ૫ જુનિયર ક્લાર્ક સંવર્ગના કર્મચારીઓની બદલી કરવામાં આવી છે.

કચેરી અધિક્ષક તરીકે આઈસીડીએસમાં ફરજ બજાવતા શ્રીમતિ મીનાબેન પટેલની બદલી કલોલ ખાતે કરવામાં આવી છે. જ્યારે તેમનો ચાર્જ કલોલ તાલુકા હેલ્થ કચેરીના સિની. ક્લાર્ક સંવર્ગના એમ.કે. દવેને સોંપવામાં આવ્યો છે. આ ઉપરાંત જેમની બદલી કરાઈ છે તેમાં એસ.વી. પરમાર તા. પં. કલોલ, વી.એ. પટેલ આરોગ્ય સેલ ગાંધીનગર જિ.પં. અને જે.પી. ચૌધરી તાલુકા હેલ્થ કચેરી દહેગામની બદલી કરવામાં આવી છે.

જુનિયર કારકુન સંવર્ગના બી.ડી. ચૌધરી, જે.બી. મકવાણા, કુ. એસ.આર. દેસાઈ, વી.એસ. નિમ્બાર્ક, વી.એ. રાવલની બદલીના હુકમો કરાયા છે.

જિલ્લા પંચાયતમાં અગાઉ બદલીઓ કરાઈ હતી પરંતુ મળેલ રજુઆતોને પગલે થોડાક ફેરફારો સાથે આ નવા હુકમો જારી કરવામાં આવ્યા છે. આજે થયેલ બદલીના હુકમોએ કર્મચારી આલમમાં સારી એવી ચર્ચા જગાવી છે.

# ગ-માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈનની તુટેલી ચેમ્બરો ભયજનક

ગાંધીનગર તા ૫

વરસાદી દિવસો દરમિયાન નગરના આંતરિક તેમજ મુખ્યમાર્ગો પર ભયજનક સ્થિતિ સર્જાઈ છે. શહેરના મુખ્ય માર્ગો પર ખુલ્લા અને તુટેલા સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણો ગમે ત્યારે અકસ્માત સર્જે તેવી દહેશત પ્રવર્તી છે. સેકટરોમાં પણ આંતરિક વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈનની કામગીરીને અનુલક્ષીને હાથ ધરાયેલી ખોદકામગીરીના અંતે માટીના ઢગ માર્ગ પર પથરાયેલા જોવા મળે છે. યોગ્ય માટી પુરાણના અભાવે માર્ગો આસપાસ વરસાદમાં માટી પોલાણના લીધે જોખમી સ્થિતિ સર્જાઈ છે.

**સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પણ લાઇનના ખોદકામ બાદ યોગ્ય પુરાણ ન થતા વરસાદી દિવસોમાં માટી પોલાણના લીધે જોખમી સ્થિતિ**

શહેરમાં હાલ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે.જેના લીધે સેકટરોમાં પણ ખોદકામના અંતે માર્ગો પર માટી પથરાઈ ગઈ છે. જયારે કેટલાક ઠેકાણે યોગ્ય માટી પુરાણ ન થવાના લીધે રાહદારીઓને હાલાકી વેઠવી પડે છે. સેકટરોના આંતરિક માર્ગો પર માટીના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. જયારે વરસાદી દિવસોમાં માર્ગની કોરાણે માટી પોલાણના લીધે વાહનો પણ ફસડાઈ પડતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. બીજીતરફ નગરના મુખ્યમાર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણો તુટી પડતા ભયજનક સ્થિતિ સર્જાઈ છે. શહેરના મોટાભાગના માર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનના ઢાંકણો તુટવાના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે. માર્ગો પર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. વરસાદી દિવસો પુર્વે જ સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ કરવામાં આવી છે. પરંતુ સ્ટોર્મ વોટર લાઈનને માર્ગ વચાળેથી સાઈડ કોર્નર કરાયા બાદ સિમેન્ટ તેમજ લોખંડની ગ્રીલ વાળા ઢાંકણો પણ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. જેના લીધે દ્વીચક્રી વાહન ચાલકો માટે ભયજનક સ્થિતિ ઉભી થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર



# શહેરમાં સફાઈ વ્યવસ્થાના અભાવે વરસાદી દિવસોમાં ગંદકીના ઢગ

**નવા સરકારી આવાસોની કોલોની પાસે પણ જાહેરમાં કચરાનો ઢગ ખડકાય છે : જરૂરી ઠેકાણે કચરો એકત્રિત કરવા નવી ડસ્ટબીન પણ મુકાતી નથી**

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં ગંદકીની



સમસ્યા વધુ પેચીદી બનતી જાય છે. સેકટરોમાં નવા સરકારી આવાસોનુ નિર્માણ કરાયુ છે તેવા ઠેકાણે પણ કચરો એકત્રિત તેમજ નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ નથી . જેના લીધે રહીશો જાહેરમાં કચરાનો ઢગ ખડકી રહ્યા છે. સેકટરોમાં પણ કોમન પ્લોટ તેમજ શોપિંગ સહીતના સ્થળો આસપાસ સફાઈ કામગીરીનો અભાવ વર્તાઈ રહ્યો છે. નગરમાં નવા આવાસોના સ્થળે રહીશો કચરો એકત્રિત કરે તે માટે કન્ટેઈનર મુકવા પણ માંગ ઉઠવા પામી છે. સે-૨૯ માં સરકારી ટાવર કોલોની સામે આવી જ સ્થિતિ વચ્ચે ગંદકી હઠીલી બની છે.

શહેરમાં મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ પણ સફાઈના નામે મીંડુ ચિતરાયેલુ છે. કચરો હટાવો નગરને રોચક બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ સોહામણી યોજનાઓ સામે આવી રહી છે. પરંતુ સ્થળ પરના બિહામણાં દ્રશ્યો કાંઈક અલગ બયાન કરે છે. સેકટરોમાં ઘરે ઘરેથી કચરો ઉઠાવાની યોજના અમલી છે. પરંતુ સફાઈ કામગીરી નગરના મુખ્યમાર્ગો સુધી જ સિમિત છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ

● અનુસંધાન પાન-૭ પર

# વોર્ડ નં. ૩ માટે ભાજપે પ્રણવ પટેલ પર પસંદગી ઉતારી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાની વોર્ડ નં. ૩ની પેટા-ચૂંટણી માટે આજે ભારતીય જનતા પાર્ટીએ તેના ઉમેદવાર તરીકે પ્રણવ પટેલની પસંદગી ઉતારી છે.

આજે ૧૨ વાગ્યા સુધી આ બેઠકને લઈ સસ્પેન્શ હતુ. ૧૧.૩૦ કલાકે પ્રદેશ એકમ દ્વારા શહેર સંગઠનને જાણ કરવામાં આવી હતી અને જોતજોતામાં વાયુવેગે વાત રાજકીય વર્તુળોમાં પ્રસરી જવા પામી હતી.



ગાંધીનગર મહાનગરપાલિકાની પેટા ચૂંટણી માટે ૬ જુલાઈએ ઉમેદવારી નોંધાવવાનો આખરી દિવસ છે. પ્રણવ પટેલ ૬ જુલાઈએ વિજય મુહૂર્તમાં તેની ઉમેદવારી નોંદાવશે તેમ ભાજપના સૂત્રોએ જણાવ્યુ છે.

આ બેઠક માટે ૮ જેટલા દાવેદારો હતા. જોકે પ્રદેશ સમિતિએ અન્ય દાવાઓ ફગાવી દીધા છે. પ્રણવ પટેલને મેયરના વિશ્વાસુ સાથી મનાઈ રહ્યાં છે.

પૂર્વ મેયર પ્રવિણ પટેલે રાજીનામુ આપતાં આ બેઠકની પેટા ચૂંટણી યોજાઈ રહી છે. આ બેઠકમાંથી જ મેયર પણ પ્રતિનિધિત્વ કરી રહ્યા હોવાથી આ જંગે રાજકીય વર્તુળોમાં ઉત્તેજના જરૂર જગાવી છે.આ પેટા ચૂંટણી માટે હજુ સુધી કોંગ્રેસ દ્વારા જ ઉમેદવારી પત્ર રજુ થયુ છે.

# પાણી ગટર વેરાની નબળી વસુલાત ઝુંબેશના અંતે હવે નોટીસ અપાશે

**બાકીદારોની યાદી પણ તંત્ર પાસે તૈયાર નથી ત્યારે વસુલાત માટે આગામી દિવસોમાં નોટીસ આપવાની પ્રક્રીયા હાથ ધરાશે**

ગાંધીનગર તા ૫

શહેરમાં પાણી ગટર વેરાની ઝુંબેશ અન્વયે પણ વેરા વસુલાત ક્ષેત્રે નબળી કામગીરી ધ્યાને આવી છે. પ્રતિવર્ષની જેમ એડવાન્સ વસુલાત અન્વયે વળતરનો લાભ આપવાની યોજનાના અંતે પણ વેરા વસુલાતની ઝુંબેશ અસરકારક પુરવાર થઈ નથી. જયારે તંત્રના ચોપડે હજુ બાકીદારોની યાદી પણ તૈયાર નથી. જો કે આગામી મહીનામાં વસુલાતના બાકીદારોને નોટીસ આપવા કાર્યવાહી હાથ ધરાશે.

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની વસુલાત મામલે વર્ષોથી નબળુ ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યુ છે. સરકાર પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે શહેરમાં માથાદીઠ પાણીનો વપરાશ દેશમાં સૌથી વધુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આમછતા પાણી ગટર વેરા અન્વયે નજીવી રકમની વસુલાત પણ અસરકારક થઈ શકતી નથી. બાકી માંગણા સામે માંડ ૪૦ થી ૪૫ ટકા જ વસુલાત થાય છે. જયારે અગાઉના વર્ષોના બાકી માંગણાનો આંકડો પણ મોટો છે. પાણી ગટર વેરાની એડવાન્સ વસુલાત માટે દર વર્ષે ફેબ્રુઆરી મહીનામાં બિલનુ વિતરણ કરવામાં આવે છે. જયારે માર્ચ મહીનામાં વળતરના લાભ સાથે વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાય છે.જો કે હજુ પણ વેરો નહીં ચુકવાનારા બાકીદારોની યાદી પણ મોટી છે. પરંતુ હજુ તંત્રના ચોપડે બાકીદારોની યાદી આખરી થઈ નથી. બીજીતરફ વેરાના બાકીદારોને હજુ સુધી નોટીસ પણ આપવામાં આવી નથી. સુત્રોના જણાંવ્યા મુજબ આગામી મહીનામાં બાકીદારોને નોટીસ આપવા માટે યાદી તૈયાર થઈ રહી છે. સે-૧ થી ૩૦ ઉપરાંત આસપાસના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ વેરા વસુલાતને અનુલક્ષી પ્રતિવર્ષ બીલનુ વિતરણ કરવામાં આવે છે. જયારે વેરા વસુલાત માટે કાઉન્ટર પણ કાર્યરત કરવામાં આવે છે. વેરા વસુલાત ઝુંબેશને અનુલક્ષીને એક મહીના સુધી ગ્રાહકોને વળતરનો લાભ પણ આપવામાં આવે છે. પરંતુ નોટીસના અંતે પણ બાકીદારો સામે અન્ય કોઈ પગલા ન લેવાતા પાણી ગટર વેરાની વસુલાત દર વર્ષે નબળી પુરવાર થાય છે.

# રથયાત્રા સમિતિએ આભારની લાગણી વ્યકત કરી

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં ભગવાન જગન્નાથજીની ૩૫ મી રથયાત્રાના સફળ આયોજનમાં સાથ સહકાર આપવા બદલ નગરની વિવિધ ધાર્મિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ , વેપારીઓ ,શૈક્ષણિક સંસ્થાઓ, શિક્ષકો,પત્રકારો તેમજ નગરના ભાવિકોનો રથયાત્રા સમિતિએ આભાર માન્યો છે. જયારે રથયાત્રા સંદર્ભે રચનાત્મક સુચનો તેમજ મંતવ્ય રજુ કરવા માટે રથયાત્રાની વેબસાઈટનો ઉપયોગ કરવા માટે રથયાત્રા સમિતિના અધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી, કોષાધ્યક્ષ રજની શર્મા, તેમજ દિનેશ કાપડીયાએ જણાંવ્યુ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com